# સાયન્સ કોલેજ,હિંમતનગર
# પ્રવેશ(૨૦૨૧-૨૨) અંગેના નિયમો
### બી.એસસી.સેમેસ્ટર-૧(F.Y.B.Sc.) પ્રથમ સત્ર -જૂન: ૨૦૨૧

- પ્રવેશ કાર્યવાહી હેમ.ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પ્રવર્તમાન નિયમો અનુસાર કરવામાં આવશે.
- દરેકે વેબસાઇટ www.hnsbscihmt.org પર આપેલ લિન્ક દ્વારા ઓનલાઈન ફોર્મ ભર્યા બાદ કોલેજમાથી રૂ.૧૦૦/-નું પ્રવેશ ફોર્મ મેળવી જરૂરી ડોક્યુમેંટ સાથે હાર્ડ કોપીમાં ફરજિયાત લાયબ્રેરીમાં જમા કરાવવાના રહેશે.
- પ્રવેશ ફોર્મ હાર્ડ કોપીમાં તારીખ: ૦૫-૦૮-૨૦૨૧, બપોરના ૨:૦૦ કલાક સુધી જ સ્વીકારવામાં આવશે.
- પ્રવેશ કાર્યવાહી મેરીટ (ગુણાનુક્રમ) ના ધોરણે કરવામાં આવશે. જેની દરેકે નોંધ લેવી.
- પ્રવેશ કાર્યવાહી અંગેના કાર્યક્રમ મુજબ જ પ્રવેશ આપવામાં આવશે.
- પ્રવેશ ફોર્મ જમા કરાવતી વખતે કોલેજ દ્વારા પરત આપેલ જમા ચબરકી(સ્લીપ) પ્રવેશ મેળવતી વખતે અચૂક રજૂ કરવાની રહેશે.
- પ્રથમ પ્રવેશ યાદી મુજબ પ્રવેશ અપાયા બાદ જો બેઠકો ખાલી રહેતી હશે તો જ ક્રમાનુસાર બીજી, ત્રીજી પ્રવેશ યાદી જાહેર કરવામાં આવશે.
- **પ્રવેશ યાદીમાં પોતાનું નામ જોવાની અને દર્શાવેલ સમય મર્યાદા મુજબ ફી ભરી પ્રવેશ મેળવી લેવાની જવાબદારી જે તે પ્રવેશાર્થીની રહેશે. જેની ગંભીર નોધ લેવી.**
- પ્રવેશ યાદી મુજબના પ્રવેશાર્થીએ પ્રવેશ વખતે પોતાના અસલ પ્રમાણપત્રો બતાવવાના રહેશે.
- પ્રવેશ ફોર્મ સાથે નીચેના પ્રમાણપત્રોની પ્રમાણીત નકલ ક્રમાનુસાર ગોઠવીને જ બીડવી. અન્યથા પ્રવેશ ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.

૧. **પ્રવેશ ફોર્મ સંપૂર્ણ વિગતો ભરીને સૌથી ઉપર રાખવું.**
૨. **પાસપોર્ટ સાઇઝના બે(૨) એક સરખા રંગીન ફોટોગ્રાફ(તાજેતરના).જે પ્રવેશ ફોર્મ ઉપર લગાવવા.**
૩. **શાળા છોડયાના (ધો.૧૨ સાયન્સ) પ્રમાણપત્ર (L.C.)ની નકલ.**
૪. **ધો.૧૨ સાયન્સ ઉત્તીર્ણ(પાસ)કર્યાની તમામ પ્રયત્નની માર્કશીટની નકલ.**
૫. **ટ્રાયલ પ્રમાણપત્રની નકલ (ધો.૧૨નો અભ્યાસ કરેલ હોય તે શાળામાંથી લાવવું).**
૬. **સક્ષમ અધિકારીશ્રી દ્વારા મળેલ જાતિ અંગેના પ્રમાણપત્રની નકલ.(લાગુ પડતું હોય તો)**
૭. આધારકાર્ડ ની નકલ ફરજિયાત **જોડવી.**

- અધુરી વિગતોવાળા તથા દર્શાવેલ જરૂરી પ્રમાણપત્ર વગરના ફોર્મ આપોઆપ રદ થશે જેની ગંભીર નોધ લેવી.
- માર્ચ-૨૦૨૧ પહેલાં ધો.૧૨ સાયન્સની પરીક્ષા પાસ કરેલ હોય તેવા પ્રવેશાર્થીઓએ જે વર્ષે પરીક્ષા પાસ કરી હોય ત્યારથી વર્તમાન સમય સુધીના સમયગાળા દરમિયાન કરેલ કાર્યવાહી અંગેનું **રૂા.૫૦(પચાસ )** ના કોર્ટ સ્ટેમ્પ પર નોટરી દ્વારા પ્રમાણીત સોગંદનામું પ્રવેશ મેળવતી વખતે રજૂ કરવાનું રહેશે.
- ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ, ગાંધીનગર સિવાય અન્ય બોર્ડમાંથી ધો.૧૨(H.Sc.) ની પરીક્ષા પાસ કરી આવનાર પ્રવેશાર્થીને હેમ.ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાંથી "પ્રવેશપાત્રતાનું પ્રમાણપત્ર" મેળવી રજૂ કર્યા બાદ જ મેરીટના આધારે પ્રવેશ આપવામાં આવશે.

I/c. Principal
The H. N. S. B. Ltd. Science College
Himatnagar-383001, S.K.